| પ્રશ્ન પેપરનો સેટ નંબર Set No. of Question Paper | |
|---|---|
| 1 | 1 |

# N-10(G)

(JULY, 2011)

## PART - A

**Time : 75 Minutes]** **[Maximum Marks : 50**

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જો કે બધા જ ફરજિયાત છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે. દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગ થી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ) ને પેન થી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

- **1** થી **50** પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચા વિકલ્પનો ક્રમ અક્ષર પર સીટમાં પેન થી ઘટ્ટ કરવું : (પ્રત્યેકનો **1** ગુણ)

**1.** આપણો વારસોએ ખરેખર આપણી રાષ્ટ્રીય ઓળખનો .............. છે.

(A) સિક્કો (B) દેખાવ

(C) ફોટો (D) અરીસો

**2.** ભારતમાં કઈ ઋતુ વિશેષ મહત્ત્વની છે?

(A) શિયાળો (B) ઉનાળો

(C) વર્ષા (D) વસંત

**3.** ''રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય'' ક્યાં આવેલું છે?

(A) ભોપાલ (B) કોલકત્તા

(C) મુંબઈ (D) ગાંધીનગર

**4.** ખીણોના ઉપરવાસમાં આવેલી એકંદરે જૂનો કાંપ ધરાવતી જમીનને શું કહે છે?

(A) ખદર (B) ખરાબાની

(C) રેગુર (D) બાંગર

**5.** ક્યા ઉપવનમાં ઉપયોગી ઔષધિઓના છોડ મળે છે?

(A) લિંગદોહ (B) દેવરહતી

(C) ઈરિંગોલ કાવૂ (D) કીંકડી

**6.** નીચેના ખનિજોમાંથી ક્યા ખનિજો રૂપાંતરિય ખડકો માંથી મળે છે?
(A) લોખંડ, તાંબુ, સોનુ (B) સ્લેટ, આરસપહાણ, હીરા
(C) કોલસો, ખનિજતેલ, કુદરતીવાયુ (D) ચાંદી, બોકસાઈડ, જસત

**7.** ભારતમાં ક્યા દશકામાં કોમ્પ્યૂટર ઉદ્યોગ હાર્ડવેર રૂપે શરૂ થયો?
(A) 1980 (B) 1990
(C) 2010 (D) 1970

**8.** ગુજરાતનું સૌથી મોટું જળવિદ્યુત મથક કઈ નદી પર આવેલુ છે?
(A) તાપી (B) સાબરમતી
(C) નર્મદા (D) મહી

**9.** અબરખના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાન કોનું છે?
(A) ફ્રાન્સ (B) અમેરિકા
(C) રશિયા (D) ભારત

**10.** ગુજરાતમાં પહેલું ખનિજ તેલક્ષેત્ર ક્યાંથી મળી આવ્યુ?
(A) અંકલેશ્વર (B) ગાંધાર
(C) દિગ્બોઈ (D) લૂણેજ

**11.** તમિલનાડુમાં કઈ નદીનો મુખત્રિકોણ પ્રદેશ આવેલો છે?
(A) કાવેરી (B) કૃષ્ણા
(C) ગોદાવરી (D) તુંગભદ્રા

**12.** આ યુગનો ધુમાડા વગરનો ''સફેદ કોલસો'' કોને કહે છે?
(A) જળવિદ્યુત શક્તિ (B) સૂર્ય ઊર્જા શક્તિ
(C) તાપવિદ્યુત શક્તિ (D) અણુવિદ્યુત શક્તિ

**13.** ભારતમાં સિમેન્ટનું પહેલુ કારખાનું ક્યાં સ્થપાયું?
(A) મુંબઈ (B) કોલકત્તા
(C) ચેન્નઈ (D) દિલ્હી

**14.** શુદ્ધ થયેલા લોહરસને ઢાળવામાં આવે છે તેને .......... કહેવાય છે.
(A) લોહ અયસ્ક (B) ઘડતરનું લોખંડ
(C) ઢાળનું લોખંડ (D) મેંગ્નેટાઇટ લોખંડ

**15.** પ્રાચીન ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ ....................

(A) 'હર્ષચરિત' છે.
(B) ''વિક્રમાં દેવ ચરિત્ર'' છે.
(C) ''રાજતરંગિણી'' છે.
(D) ''પૃથ્વીરાજ રાસો'' છે.

**16.** ભારતમાં દર વર્ષે રાષ્ટ્રીય તહેવારોના પ્રસંગે ક્યા કિલ્લા પર ધ્વજવંદન થાય છે?

(A) ચિતોડના કિલ્લા પર
(B) આગ્રાના કિલ્લા પર
(C) દિલ્હીના લાલકિલ્લા પર
(D) દોલતાબાદના કિલ્લા પર

**17.** અજંતા-ઈલોરાની ગુફા ક્યા રાજ્યમાં આવેલી છે?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) કર્ણાટક
(D) મધ્યપ્રદેશ

**18.** બૌદ્ધ સાહિત્યની ભાષા ...........

(A) પાલી છે.
(B) પ્રાકૃત છે.
(C) અર્ધ-માગધી છે.
(D) સંસ્કૃત છે.

**19.** વિશ્વની સાત અજાયબી પૈકીનું એક સ્થાપત્ય ક્યું છે?

(A) કુતુબમિનાર
(B) તાજમહેલ
(C) લાલકિલ્લો
(D) બુલંદ દરવાજો

**20.** દુનિયાનો સૌથી ભવ્ય બુલંદ દરવાજો ક્યાં આવેલો છે?

(A) દોલતાબાદમાં
(B) દિલ્હીમાં
(C) પાવાગઢ-ચાંપાનેરમાં
(D) ફતેહપુર સિકરીમાં

**21.** મોર્યકાળના સ્થાપત્યની સૌથી મોટી ઉપલબ્ધિ કઈ છે?

(A) પેગોડા
(B) રથમંદિર
(C) સોમનાથનું મંદિર
(D) સાંચીનો સ્તૂપ

**22.** નીચેના વિધાનોમાં એક વિધાન ખરું નથી તે શોધીને જવાબ લખો.

(A) પોંગલનો તહેવાર-ગુજરાત
(B) બિહુનો તહેવાર-અસમ
(C) ગણગોરનો તહેવાર-રાજસ્થાન
(D) ઓનમનો તહેવાર-કેરલ

**23.** નીચેનામાંથી એક જોડકું ખરું નથી તે શોધીને લખો.

(A) બાબરનામા-બાબરે લખી.
(B) તુઝુકે જહાંગીરી -જહાંગીરે લખી.
(C) અકબરનામા-અબુલફઝલે લખી.
(D) હુમાયુનામા-હુમાયુએ લખી.

**24.** ભારતનું ક્યું મંદિર ''કાળા પેગોડા'' ના નામથી ઓળખાય છે?

(A) બૃહદેશ્વરનું મંદિર
(B) કોણાર્કનું સૂર્ય મંદિર
(C) ઈલોરાનું કૈલાસ મંદિર
(D) લારખાનનું મંદિર

**25.** ભારત એક .......... ધર્મી દેશ છે.

(A) ઈસ્લામ ધર્મી (B) એક ધર્મી

(C) બહુધર્મી (D) હિન્દુ ધર્મી

**26.** સંયુક્ત રાષ્ટ્રે ક્યા વર્ષને ''આંતરરાષ્ટ્રીય વૃદ્ધવર્ષ'' તરીકે ઘોષિત કર્યુ છે?

(A) 1998 (B) 2001

(C) 2002 (D) 1999

**27.** ''રાલ્ફ નાડર'' ને ગ્રાહક સુરક્ષાના કોણ ગણવામાં આવે છે?

(A) માર્ગદર્શક (B) સુધારક

(C) જન્મદાતા (D) સલાહકાર

**28.** કોઈપણ ભાષાને સમજવાની સાથે વાંચી અને લખી શકે તે વ્યક્તિને શું કહેવામાં આવે છે?

(A) અબુધ (B) સાક્ષર

(C) નિરક્ષર (D) અજ્ઞાન

**29.** ભ્રષ્ટાચારની વ્યાખ્યા કોણે આપી છે?

(A) વિશ્વબેંકે (B) રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા

(C) સંયુક્ત રાષ્ટ્રે (D) આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળે

**30.** ગુજરાતમાં આશરે કેટલા ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે?

(A) 25 (B) 14.07

(C) 27.58 (D) 28.32

**31.** વિશ્વમાં સૌથી વધુ બાળમજૂરો ક્યા દેશમાં છે?

(A) ચીન (B) રશિયા

(C) ભારત (D) ફ્રાન્સ

**32.** લઘુમતી વર્ગોના કલ્યાણ તેમજ વિકાસ માટે ક્યા પંચની સ્થાપના કરવામાં આવી છે?

(A) રાષ્ટ્રીય લઘુમતી પંચ (B) રાષ્ટ્રીય આયોગ

(C) બક્ષીપંચ (D) માંડલ આયોગ

**33.** "UNDP" નું પૂરું નામ શું છે?

(A) માનવ વિકાસ આયોગ (B) સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ

(C) માનવ વિકાસ આંક (D) માનવ વિકાસ અહેવાલ

**34.** ભારતનો કયો સ્થંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે?

(A) સારનાથનો (B) સાંચીનો

(C) લોરિયાનો (D) નંદનગઢનો

**35.** તમાકુના ઉત્પાદન માટે ગુજરાતનો કયો પ્રદેશ જાણીતો છે?

(A) કાનમ (B) કુર્ગ

(C) ભાલ (D) ચરોતર

**36.** ગુજરાતનું કયું શહેર અકીકનાં ઘરેણાં માટે જાણીતું છે?

(A) ખંભાત (B) સુરત

(C) પાટણ (D) હૈદરાબાદ

**37.** નીચેનામાંથી એક જોડકું ખરું નથી તે શોધીને જવાબ આપો.

(A) 21 માર્ચ-વિશ્વ વન દિન (B) 4 ઓક્ટોબર-વન મહોત્સવ

(C) 5 જૂન-વિશ્વ પર્યાવરણ દિન (D) 29 ડિસેમ્બર-જૈવ વિવિધતા દિવસ

**38.** નીચેનામાંથી એક જોડકું ખરુ છે તે શોધી જવાબ લખો.

(A) આંધ્રપ્રદેશ-કથક નૃત્ય. (B) કેરલ-કૂચીપૂડી નૃત્ય.

(C) પશ્ચિમ બંગાળ-કથકલી નૃત્ય. (D) તમિલનાડુ-ભરતનાટ્યમ નૃત્ય.

**39.** એક શિંગી ગેંડો ક્યાં જોવા મળે છે?

(A) અસમ અને પશ્ચિમ બંગાળ (B) ગુજરાત અને મધ્યપ્રદેશ

(C) કચ્છ અને સૌરાષ્ટ્ર (D) કર્ણાટક અને કેરલ

**40.** પાષાણયુગની સંસ્કૃતિના સીધા વારસદાર ........

(A) આર્ય લોકો ગણાય. (B) નિષાદ લોકો ગણાય.

(C) દ્રવિડ લોકો ગણાય. (D) હબસી લોકો ગણાય.

**41.** ભારત દેશના લગભગ ............ ટકા ભાગ પર મેદાનો છે.

(A) 30 (B) 27

(C) 43 (D) 40

**42.** ભારતીય સંસ્કૃતિ એટલે ................

(A) સત્ , ચિત્ અને આનંદ ની સંસ્કૃતિ. (B) હિમાલયની સંસ્કૃતિ, ગંગા-યમુના ની સંસ્કૃતિ.

(C) માનવ મનના ખેડાણની સંસ્કૃતિ. (D) જીવનના વિકાસ યાત્રાની સંસ્કૃતિ.

**43.** વિકાસશીલ દેશોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ કઈ છે?
(A) મોટા ઉદ્યોગો (B) વાહન વ્યવહાર
(C) ચાવીરૂપ ઉદ્યોગો (D) ખેતી

**44.** ઉત્પાદન પ્રક્રિયામાં જમીન, મૂડી અને શ્રમને જોડવાની કામગીરીને શું કહેવાય?
(A) આયોજન (B) એકત્રીકરણ
(C) પ્રયોજન (D) નિયોજન

**45.** ભારતની મધ્યસ્થ બેંક કઈ છે?
(A) રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (B) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા
(C) બેંક ઑફ બરોડા (D) સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા

**46.** જાહેરક્ષેત્ર અથવા રાજ્યની માલિકીના સાહસોને ખાનગી માલિકોને સોંપવાની પ્રક્રિયા એટલે .........
(A) વૈશ્વિકીકરણ (B) ખાનગીકરણ
(C) ટકાઉ વિકાસ (D) ઉદારીકરણ

**47.** ભારતનો ક્યો રાષ્ટ્રીય ધોરી માર્ગ ''ગ્રાન્ટ ટ્રંક રોડ'' તરીકે ઓળખાય છે?
(A) નંબર-8 (B) નંબર-7
(C) નંબર-3 (D) નંબર-2

**48.** ટાંકણીથી માંડીને અણુશસ્ત્રો સુધીના ઉત્પાદનમાં રોકાયેલા ઉદ્યોગોનો સમાવેશ ક્યા ક્ષેત્રમાં થાય છે?
(A) માધ્યમિક ક્ષેત્રમાં (B) પ્રાથમિક ક્ષેત્રમાં
(C) સેવાના ક્ષેત્રમાં (D) અન્ય ક્ષેત્રમાં

**49.** ક્યું શહેર ''ઈલેક્ટ્રોનિક ઉદ્યોગની રાજધાની'' તરીકે વિકસિત થઈ ગયું છે?
(A) દિલ્હી (B) બેંગ્લોર
(C) મુંબઈ (D) જમસેદપુર

**50.** બજારપદ્ધતિની નિષ્ફળતામાંથી કઈ પદ્ધતિનો ઉદ્ભવ થયો?
(A) મિશ્ર અર્થતન્ત્ર (B) મૂડીવાદી
(C) સમાજવાદી (D) લોકશાહી

---

# N-10(G)

## PART - B

*Time : 2 Hours]* **[Maximum Marks : 50**

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ ચાર ભાગ છે અને **18** પ્રશ્નો છે.
(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
(3) પ્રશ્ન-**18** નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.
(4) નવો વિભાગ નવા પાનેથી લખવો.

## SECTION - A

● નીચે આપેલા પ્રશ્નક્રમાંક **1** થી **5** ના ગુણ સરખા છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (દરેકના **2** ગુણ)

**1.** સંસ્કૃતિ એટલે શું? સમજાવો. **2**

**2.** મોઢેરા સૂર્યમંદિરની ટૂંકમાં માહિતી આપો. **2**

**3.** મહાબલીપુરમ્‌ની વિશેષતાઓ જણાવો. **2**

**અથવા**

**3.** મોહેં-જો-દડોના રસ્તાઓ વિશે માહિતી આપો.

**4.** વન્યજીવ વિનાશના કારણો જણાવો. **2**

**5.** ભારતની કૃષિ પેદાશોમાં શાથી વિવિધતા જોવા મળે છે? **2**

## SECTION - B

● નીચે આપેલા પ્રશ્નક્રમાંક **6** થી **10** ના ગુણ સરખા છે. માંગ્યા મુજબ ઉત્તર આપો. (દરેકના **2** ગુણ)

**6.** હિમાલયની નદીઓ અને દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય તફાવત લખો. **2**

**અથવા**

**6.** વૃષ્ટિ જળ સંચયનના મુખ્ય ઉદ્દેશો કયા કયા છે?

**7.** ભારતમાં ઉદ્યોગોનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો. **2**

**8.** ભારતના ખાંડ ઉદ્યોગ વિશે ટૂંકમાં માહિતી આપો. **2**

**9.** ભારતમાં સ્ત્રીઓનો મૃત્યુદર શાથી વધારે છે? **2**

**10.** આતંકવાદી અને ક્રાંતિકારી વચ્ચેનો તફાવત સમજાવો. **2**

## SECTION - C

- નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **11** થી **15** ના ગુણ સરખા છે. માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેકના **3** ગુણ છે.)

**11.** પ્રાચીન સંગીતકલાની માહિતી આપી. ''સંગીત રત્નાકર '' ની ટૂંકમાં સમજ આપો. **3**

**12.** અમીર ખુશરોનો ટૂંકમાં પરિચય આપો. **3**

**અથવા**

**12.** મધ્યકાલીન તમિલ સાહિત્ય વિશે વિસ્તૃત માહિતી આપો.

**13.** રાષ્ટ્રીય અર્થકારણમાં કૃષિનું યોગદાન જણાવો. **3**

**14.** પર્યાવરણની સુરક્ષા માટે લેવાયેલા પગલાઓની ચર્ચા કરો. **3**

**15.** ઉપભોક્તાનું શોષણ કઈ કઈ રીતે થાય છે? **3**

**અથવા**

**15.** ભાવવૃદ્ધિના કારણો ની ટૂંકમાં ચર્ચા કરો.

## SECTION - D

- નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **16** થી **18** ના ગુણ સરખા છે. માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેકના **5** ગુણ છે.)

**16.** પ્રાચીન ભારતના વાસ્તુશાસ્ત્ર વિશે માહિતી આપો. **5**

**17.** બેરોજગારીની વ્યાખ્યા આપી તેના ગમેતે પાંચ પ્રકારોની ચર્ચા કરો. **5**

**અથવા**

**17.** (અ) ગરીબીની રેખાની નીચે જીવતા લોકોના લક્ષણો જણાવો.
(બ) ''જવાહર ગ્રામ -સમૃદ્ધિ યોજના'' ની માહિતી આપો.

**18.** તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો. **5**
(1) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન
(2) ભાખરા-નાંગલ બંધ
(3) કોફી પકવતો કોઈપણ એક પ્રદેશ.
(4) ઊની (ગરમ) કાપડ ઉદ્યોગનું કોઈપણ એક કેન્દ્ર
(5) કોલકત્તાથી મુંબઈ જતો રેલમાર્ગ-બે અટકસ્થાન સાથે.

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :**

**18.** નક્શાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.
(1) ''ગીર રાષ્ટ્રીય ઉદ્યાન'' ક્યા રાજ્યમાં આવેલુ છે?
(2) ભાખરાનાંગલ બંધ કઈ નદી પર બાંધવામાં આવ્યો છે?
(3) કોફી પકવતો કોઈપણ એક પ્રદેશનું નામ આપો.
(4) ઊની (ગરમ) કાપડ ઉદ્યોગનું કોઈપણ એક કેન્દ્ર જણાવો.
(5) કોલકત્તાથી મુંબઈ જતાં રેલમાર્ગ પરના બે અટકસ્થાનોના નામ આપો.

---